## ૪.૫ જ્ઞાનનો મૂળ આરંભ ક્યાંથી અને જ્ઞાનનું પૂર્ણવિરામ.

જ્ઞાન, જીવનો અસાધારણ સદાકાળ સાથે જ રહેનારો ગુણ છે. નિશ્ચયનયની દ્રષ્ટિએ આત્મા સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. આ માટે 'પ્રવચનસારમાં' કહેલ છે કે જ્ઞાન આત્મા છે. આત્મા વિના અન્યત્ર જ્ઞાન હોતું નથી તેથી જ્ઞાન આત્મા છે અને આત્મા પણ જ્ઞાન છે આચારાંગ સૂત્રમાં પણ આ ભાવ બતાવેલ છે.

"જે આત્માછે તે વિજ્ઞાતા છે જે વિજ્ઞાતા છે તે જ આત્મા છે."

"જ્ઞાન એ અમૃત છે. રસાયણ છે. ઔષધ છે. ઐશ્વર્ય છે. વિદ્વાનોએ તેને અનેક ઉપમા આપી છે, જ્ઞાન એ દીપક છે, રવિ છે. પ્રકાશ છે. વગેરે અમૃત સમુદ્રમાંથી ઉત્પન્ન થાય છે એ તો જાણીતું છે પણ જ્ઞાનરૂપી અમૃત તો વિના સમુદ્રથી ઉત્પન્ન થયેલ છે છતાં અમૃતની જેમ માનવને અમર કરનાર છે."

ઔષધ તો રસાયણ ગણાય પણ જ્ઞાન દેખાવમાં ઔષધ નથી છતાં અજ્ઞાનરૂપ રોગને દૂર કરે છે. હાથી ઘોડા વગેરે ઐશ્વર્યના સાધન ગણાય પણ આવાં સાધનો ન હોવા છતાં જ્ઞાન સ્વયં ઐશ્વર્યભૂત છે. જ્ઞાનની સમૃદ્ધિ અન્ય સમૃદ્ધિ કરતાં શાશ્વત સમૃદ્ધિ છે. રાગ–દ્વેષને દૂર કરનાર પરમ જ્યોતિસ્વરૂપ જ્ઞાન ગણાય છે, તે દીપરની જેમ સ્વપર પ્રકાશક છે, અંતરમાં કલહ કંકાશની આગ પ્રજવળી ઊઠે ત્યારે જ્ઞાન મેઘ બનીને તે આગને શાંત કરે છે, પરમસમાધિ આપે છે.

જૈન શાસ્ત્રોમાં પાંચ જ્ઞાનોનું સવિસ્તર વર્ણન આપવામાં આવેલ છે, વર્તમાનકાળે આ ક્ષેત્રમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મુખ્યપણે છે.

તેમાં શ્રુતજ્ઞાન મુખ્ય બે ભાગમાં વહેંચાયેલું છે. : **૧. અંગપ્રવિષ્ટ** અને **૨. અંગબાહ્ય**

**૧. અંગપ્રવિષ્ટશ્રુત :** શ્રી તીર્થંકર પરમાત્મા તીર્થની સ્થાપના કરે છે તે વખતે વિશિષ્ટ બુદ્ધિના ધણી ગણધર ભગવંતો **કિં તત્તં (તત્ત્વ શું?)** એ પ્રમાણે પ્રભુને પૂછે છે. તેના ઉત્તરમાં તીર્થંકર પરમાત્મા ઉપ્પનેઈવા વિગમેઈ, ધુવેઈ વા (દરેક પદાર્થ ઉત્પન્ન થાય છે, વિનાશ પામે છે અને સ્થિર રહે છે) એ ત્રિપદી આપે છે. એ ત્રિપદીના આધારે બીજબુદ્ધિના ધણી ગણધર ભગવંતો તે જ સમયે દ્વાદશાંગીની રચના કરે છે, તે અંગપ્રવિષ્ટ શ્રુત કહેવાય છે.

**૨. અંગબાહ્યશ્રુત :** તીર્થપ્રવર્તન બાદ યથાસમયે ગણધર ભગવંત કે અન્ય સ્થવિર મુનિઓ જે સૂત્ર રચના કરે છે તે સર્વ અંગબાહ્ય શ્રુત કહેવાય છે.

અંગસૂત્રોમાં આત્મસ્વરૂપની સન્મુખ થવા માટેની યોગ્ય પ્રવૃતિઓના પ્રકારોની વિધિ હોય છે. ઉપાંગસૂત્રોમાં અંગસૂત્રોમાં કહેલ આચારની ભૂમિકાને જીવનમાં પરિપક્વ બનાવી વિકાસ કરનાર મહાપુરુષોની ચર્ચાનું વર્ણન હોય છે. અને અન્ય સૂત્રોમાં બાકીની બીજી વાતોનું વર્ણન હોય છે.

### સમ્યગ્જ્ઞાનનું લક્ષણ:

જ્ઞાનગુણથી અમુક પ્રમાણ અથવા અમુક નયરૂપ હેતુઓ દ્વારા જીવાદિક પદાર્થ સબંધી જે યથાર્થ બોધ થાય તે બોધને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. અથવા તો વિષયનો પ્રકાશ કરનારો અને આત્માના પરિણામરૂપ જે તત્ત્વોનો યથાર્થ અનુભવ તે પણ સમ્યગ્ જ્ઞાન કહેવાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સમ્યગ્ જ્ઞાન એટલે સાચું જ્ઞાન, વાસ્તવિક સમજણ, યથાર્થબોધ, આ રીતે વસ્તુને વસ્તુ રુપે યથાર્થ રીતે ઓળખનારને સમ્યગ્

જ્ઞાની કહેવાય છે. પંડિત સુખલાલજીએ તત્ત્વાર્થસૂત્રના વિવેચનમાં કહેલ છે કે **નય અને પ્રમાણથી થનાર જીવાદિ પદાર્થોનો યથાર્થ બોધ તે સમ્યગ્ જ્ઞાન છે.**

## જ્ઞાનની મહત્તા

આત્માના અનંતગુણ હોવા છતાં જ્ઞાનગુણની મહત્તા છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. તે અનંતગુણોને પ્રકાશિત કરે છે. જીવાત્મા જ્ઞાન સ્વરૂપ હોવા છતાં અનંત ગુણોની સાથે જ્ઞાનગુણ પણ કર્મોથી આવરિત છે. તેમ છતાં ગમે તેટલું કર્મોનું ગાઢતમ આવરણ આવે અક્ષરના અનંતમાભાગે જ્ઞાનગુણ નિરાવરણ જ હોય છે. તે જ્ઞાન ગુણ જ જીવ અને અજીવનો ભેદ કરે છે. પ્રત્યેક જીવમાં કર્માનુસાર જ્ઞાનમાં તીવ્રતા કે મંદતા હોય છે. સાધનાના ક્ષેત્રે જીવ જેમ જેમ પુરુષાર્થ વડે આગળ વધતો જાય છે. તેમ તેમ કર્મના પડળો દૂર થતાં જાય અને જ્ઞાનગુણનો વિકાસ થતો જાય છે.

જ્ઞાનગુણ એ આત્માનો ગુણ છે. આત્માની સ્વભાવદશા છે. જેનો જ્ઞાનગુણ પ્રકાશિત છે તે પોતાના આત્મસ્વરૂપ નિજાનંદને માણી શકે છે. સ્વભાવદશાનું વાસ્તવિક સ્વરૂપ પામે છે. જડ અને ચેતનનો વિભાગ કરી આપનાર જ્ઞાનગુણના કારણે તે જીવાત્મામાં જીવમાત્ર પ્રત્યે મૈત્રી, કરુણા માધ્યસ્થભાવ, પ્રમોદભાવ વગેરે અપૂર્વભાવો સ્થાયી ભાવથી વસે છે.

## જીવનમાં સમ્યગ્જ્ઞાનની આવશ્યકતા:

માનવજીવનમાં જ્ઞાન મેળવવા માટે ઘણો પુરુષાર્થ થાય છે પરંતુ જ્યાં સુધી મેળવેલું જ્ઞાન સમ્યગ્ ન હોય ત્યાં સુધી તે જ્ઞાન કર્મનિર્જરાનું કારણ નથી બની શકતું. સમ્યગ્ જ્ઞાન હેય અને ઉપાદેયનો, આશ્રવ અને સંવરનો પુણ્ય અને પાપનો ભેદ સમજાવે છે. આશ્રવ અને પાપથી ભય ઉપજાવી સંવર તથા નિર્જરા પ્રત્યે જીવને અનુરાગી બનાવી મોક્ષની સાધના માટે ઉત્સાહિત કરે છે.

'દશવૈકાલિક સૂત્ર'માં કહેલ છે કે

પ્રથમ જ્ઞાન અને પછી દયા, જ્ઞાનથી આત્મા જીવ અને અજીવને જાણે છે તે જ તેની રક્ષા કરી શકે છે માટે સર્વ ધર્માત્માઓએ પ્રથમ જ્ઞાન મેળવવાની આવશ્યકતા બતાવી છે. સંયમમાં સુસ્થિત મુનિ, જ્ઞાનથી જ આત્માની ઉન્નતિ શેમાં છે તે જાણી શકે છે. જેને જ્ઞાન નથી તે અજ્ઞાની શ્રેય શું અને પાપ શું તે જાણતો નથી.

ચતુર્ગતિરૂપ સંસારમાં જન્મમરણનાં કારણભૂત કર્મોથી મુક્ત થવા સમ્યગ્જ્ઞાનની પ્રથમ આવશ્યકતા છે. સમ્યગ્ જ્ઞાનથી જ જીવનુ સ્વરૂપ, સંરક્ષણનો ઉપાય અને ફળનો બોધ થાય છે. ભગવદ્ગીતામાં પણ જ્ઞાન માટે સ્પષ્ટ કહેલ છે કે – જ્ઞાન સમાન કોઈપણ પવિત્ર વસ્તુઆજગતમાં નથી. જ્ઞાનરૂપી અગ્નિ સર્વકર્મોને ભસ્મ કરે છે.

સમ્યક્ત્વ વિનાનું જ્ઞાન માનવને જીવનમાં ભૌતિક સમૃદ્ધિ માન, સન્માન, પૈસો, પ્રતિષ્ઠા જરૂર અપાવશે, પરંતુ આત્મકલ્યાણ માટે, ભવોની પરંપરાને તોડવા માટે કર્મની નિર્જરા કરવા માટે તો સમ્યગ્જ્ઞાનની આવશ્યકતા નહિ અનિવાર્યતા છે. સમ્યગ્જ્ઞાન એ કર્મરૂપ અંધકારને ભેદવા માટે સૂર્ય સમાન છે. કર્મરૂપ પહાડને ભેદનારું વજ્ર છે. આત્મજ્ઞાનીનું ઘરેણું છે. દુનિયાનો દીવો છે. આ તત્ત્વ છે. આ અતત્ત્વ છે. એમ જ્ઞાનથી વિશેષ જણાય છે. તેની સહાયે મનુષ્યલોક અને અલોકનું અવલોકન કરવામાં અદ્વિતીય કુશળતા પામે છે.

માણસનું મન, એ એક વિરાટ વિશ્વ છે. અદ્ભૂત વિષય છે. મનની શક્તિ અમર્યાદિત છે. મન ઉપરના કાબુ અને નિયંત્રણ દ્વારા ઘણુ ઘણુ જાણી અને સમજી શકાય છે. મનને પોતાની આંખો, પોતાના કાન, પોતાનું

નાક, પોતાની જીભ અને પોતાની ત્વચા હોય છે. આ બધુ સૂક્ષ્મ હોય છે, એટલે, ઈન્દ્રિયગમ્ય નથી. જુદા જુદા, યોગો, ભક્તિ આદિ એકાગ્રતાને પ્રાપ્ત કરાવતા ભિન્ન ભિન્ન માર્ગો દ્વારા મનની શક્તિનો અમર્યાદિત વિકાસ સાધી શકાય છે. ચર્મ ચક્ષુઓની સહાયતા વિના, આકાર તથા સ્વરૂપને, મન જાણી શકે છે. કાનની સહાયતા વિના, દૂર દૂર થતી વાતચીતને મન સાંભળી શકે છે. ગંધ અને સ્પર્શને પણ, તે તે ઈન્દ્રિયોની સહાયતા વિના મન અનુભવી શકે છે. બીજા માણસોના મનમાં ચાલતા વિચારોને પણ મન વાંચી શકે છે.

## જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ

જૈન તત્ત્વવેતાઓએ મોક્ષ(મુક્તિ) પ્રાપ્ત કરવા માટે એક વાક્ય આપેલું છે.

***જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ।*** આનો અર્થ થાય છે: 'જ્ઞાન અને ક્રિયા દ્વારા જ મોક્ષ મેળવી શકાય છે.' અહીં જ્ઞાન ક્રિયાને ભેગા કરીને વધારે સ્પષ્ટ અર્થ પણ કાઢી શકાય, કે 'જ્ઞાનપૂર્વકની ક્રિયા દ્વારા મોક્ષ મેળવી શકાય છે.'

પુરુષ અને સ્ત્રીને સંસાર રથના બે ચક્ર માનવમાં આવ્યા છે. એ બંને ચક્ર અખંડિત હોય, એ બંનેમાં સુમેળ હોય. તો જ એ રથ વ્યવસ્થિત ગતિ કરી શકે. પરંતુ જ્ઞાન અને ક્રિયાની જોડી એટલી બધી મહત્વની છે, એટલી બધી આવશ્યક છે, કે બેની સાથે સ્ત્રી–પુરૂષની બેલડીની સરખામણી તો વિરાટ પાસે વામન જેવી છે.

બાળ જીવો માટે જૈન તત્ત્વવિશારદોએ આ જ્ઞાન અને ક્રિયાની એક બહુ જ સરળ અને સુંદર વ્યાખ્યા આપી છે. "અમુક કાર્ય કરવા જેવું છે. એવી જે સમજણ, તે જ્ઞાન અને એ કાર્યને અમલમાં મુકવું તે ક્રિયા."

દાખલા તરીકે, 'અસત્ય બોલવું એ પાપ છે.' એવી સમજણ તે 'જ્ઞાન' અને 'અસત્ય બોલવાનો ત્યાગ કરવો' તે 'ક્રિયા' એ જ રીતે, 'સાચું બોલવું એ ધર્મ છે,' એવી સમજણ એ જ્ઞાન અને 'સાચું બોલવું તે ક્રિયા' હવે, આમાં આપણે એકદમ સમજી શકીશું કે હંમેશા સત્ય જ બોલવું જોઈએ. અસત્ય કદી પણ ન બોલવું જોઈએ. એવી સમજણ રૂપી જે જ્ઞાન છે, તેનો ક્રિયારૂપી અમલ જો ન કરવામાં આવે, તો તેવી સમજણ, તેવા જ્ઞાનથી, શું અર્થ સરવાનો? અર્થાત્ એ જ્ઞાનની ક્રિયારૂપી અમલ વિના, એ જ્ઞાનથી, શું અર્થ સરવાનો? અર્થાત્ એ જ્ઞાનની ક્રિયારૂપી અમલ વિના, એ જ્ઞાનથી કશો પણ લાભ નહિ મળે.

એવી જ રીતે, ધર્મ શું છે, શું કરવા યોગ્ય છે અને શું ત્યજવા યોગ્ય છે, એને લગતા જ્ઞાન વિનાની કોઈ ક્રિયા આપણે કરીશું તો તે પણ અર્થહીન અને ક્યારેક તો અનર્થકારક થઈ જશે. આ બંનેના સુયોગ સિવાય આપણે કશી પ્રગતિ નહિ સાધી શકીએ.

જ્ઞાન મેળવવા માટે પણ 'જ્ઞાન અને ક્રિયાની જરૂર છે;' અથવા 'જ્ઞાનપૂર્વકની ક્રિયા દ્વારા જ જ્ઞાન મેળવી શકાય છે.'

આ વાત બરાબર સમજવા જેવી છે. અહીં આપણે જ્ઞાનના બે વિભાગ પાડીએ છીએ. એક તો, 'મેળવવું તે જ્ઞાન.' બીજું, એને મેળવવા માટે જરૂરી જ્ઞાન. આમાં પહેલું 'સાધ્ય' છે; બીજું 'સાધન' છે.

મુંબઈથી ટોકીઓ જવું હોય. તો ટોકીઓ જવા માટેના માર્ગોનું જ્ઞાન આપણને હોવું જોઈએ. ગમે તે ગાડી, આગબોટ કે વિમાનમાં ચડી બેસવાથી ટોકીઓ પહોંચી શકાતું નથી. અહિં પ્રથમ આપણે ટોકીઓ જવું છે, એ નક્કી કરીએ છીએ; પછી ત્યાં પહોંચવાના માર્ગો શોધીએ છીએ. અનુકૂળતા અને આવશ્યકતા મુજબ, દ્રવ્ય અને કાળના સંયોગો અનુસાર આપણે આગબોટ યા વિમાનનો માર્ગ નક્કી કરીએ છીએ. અને પછી,

ટોકીઓ પહોંચવા માટેની આવશ્યક, જ્ઞાન અનુસારની ક્રિયા આપણે કરીએ છીએ.

આપણે સમુદ્રના દર્શન કરવા છે. આ માટે, જયાં સમુદ્ર હોય; સાગર કાંઠો હોય, એવા સ્થળની આપણે પસંદગી કરીએ છીએ. એમ કરવાને બદલે ગીરનાં જંગલોમાં કે હિમાલયની પર્વતમાળાઓમાં આથડવાનું આપણે શરૂ કરીએ તો સમુદ્રનાં દર્શન થશે?

'જ્ઞાનક્રિયાભ્યાં જ્ઞાનમ્' એમ જ્યારે આપણે કહીએ છીએ, ત્યારે તેમાંથી આટલી વસ્તુઓ નક્કી થાય છે.

૧. આપણે જ્ઞાન મેળવવું છે.

૨. જે જ્ઞાન આપણે મેળવવા માગીએ છીએ તે મેળવવાના માર્ગ રૂપી જ્ઞાન જો આપણી પાસે નહિ હોય તો તે જ્ઞાન આપણને મળી શકશે નહિ. જ્ઞાન મેળવવાના માર્ગની જાણકારી એ પણ એક 'જ્ઞાન' જ છે; એટલે, 'આપણે જ્ઞાન મેળવવાના માર્ગનું જ્ઞાન પણ મેળવવું છે.'

૩. જ્ઞાન મેળવવાના માર્ગનું જ્ઞાન મેળવીને એ જ્ઞાન અનુસારની ક્રિયા આપણે કરવી છે; એ માટે આપણે કાર્યબદ્ધ-ક્રિયાશીલ બનવું છે. હવે આમાં સ્વાભાવિક રીતે જ કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

   ૧. જ્ઞાન પ્રાપ્ત કરવા પાછળનો આપણો હેતુ.

   ૨. એ હેતુની પવિત્રતા, નિર્દોષતા અને વિશુદ્ધતા.

   ૩. જે જ્ઞાન આપણે મેળવવા માગીએ છીએ, તેનાથી આપણો હેતુ સિદ્ધ થશે?

પુરાતન તત્ત્વવેત્તા સોક્રેટિસ વિષે એક પ્રચલિત વાત છે. એક વખત કેટલાક લોકોએ એવી આકાશવાણી સાંભળી કે 'આ યુગમાં આજે સૌથી વિશેષ શાણો અને ડાહ્યો માણસ સોક્રેટિસ છે,' આ સાંભળીને એ લોકો સોક્રેટિસ પાસે ગયા. સાંભળેલી આકાશવાણી એમણે તેને સંભળાવી અને પછી પૂછ્યું : 'આ વાત સાચી છે?'

થોડીવાર વિચાર કરીને સોક્રેટિસે જે જવાબ આપ્યો તે ખૂબ વિચારવા જેવો અને સમજવા યોગ્ય છે. એણે કહ્યું:

'હા, એ વાત સાચી છે; કારણ કે, હું કશું જ જાણતો નથી એ વાત હું જાણું છું' આમ, જે માણસ 'હું અજ્ઞાની છું' એ વાત બરાબર જાણે છે, તેની પાસે એક 'મહા જ્ઞાન' છે કેમ કે, જ્ઞાન મેળવવાની એની જિજ્ઞાસા તેની જીવંત અને જ્વલંત રહે છે.

## જ્ઞાનના વિભાગો...

જૈન તત્ત્વ વેત્તાઓએ જ્ઞાનના બે મુખ્ય વિભાગો પાડ્યા છે.

૧. સમ્યગ્ (એટલે સાચું) જ્ઞાન.

૨. મિથ્યા (એટલે ખોટું) જ્ઞાન.

સમ્યગ્ જ્ઞાનના તેમણે પાંચ પ્રકારો પાડ્યા છે.

૧. મતિ જ્ઞાન.

૨. શ્રુત જ્ઞાન.

૩. અવધિ જ્ઞાન.

૪. મન:પર્યવ જ્ઞાન.

૫. કેવળ જ્ઞાન.

મિથ્યા જ્ઞાનના એમણે ત્રણ પ્રકાર બતાવ્યા છે.

૧. મતિ અજ્ઞાન.

૨. શ્રુત અજ્ઞાન.

૩. વિભંગ જ્ઞાન.

આ અજ્ઞાનને વિપરીત જ્ઞાન પણ કહેવામાં આવે છે.

સમ્યગ્ અને મિથ્યા જ્ઞાનના બીજા પ્રકારો તો અનેક છે. આપણે સાચા જ્ઞાન સાથે કામ છે; એટલે સમ્યગ્ જ્ઞાનનાં પાંચ મુખ્ય પ્રકારોને આપણે તપાસીએ.

## પાંચ જ્ઞાનની વ્યાખ્યા

જીવમાત્ર જ્ઞાનવાન છે. તે જ્ઞાન શક્તિ પ્રત્યેક આત્મામાં ભિન્ન ભિન્ન પ્રકારે ઓછા કે વધુ અંશે રહેલી છે. તેમજ જગતમાં દેખાતા કે નહિ દેખાતા (રૂપી–અરૂપી) સર્વ દ્રવ્યોના સર્વ વિષયોનું જ્ઞાન પણ રહેલું જ છે પરંતુ તે સર્વ પ્રકારના જ્ઞાનને જૈન ધર્મે પાંચ પ્રકારમાં વહેંચી દીધું છે.

**(૧) પાંચ ઈન્દ્રિય (ચામડી, જીભ, નાક, આંખ, કાન)થી અને મનથી થતું જ્ઞાન તે : મતિજ્ઞાન.**

જે જ્ઞાનના પ્રભાવથી, સર્વ ભાષાઓ જણાય છે, વિદ્યાઓ અને વિષયો સમજી શકાય છે, જ્ઞાન–વિજ્ઞાનની સઘળી શાખાઓનું સંશોધન થાય છે, તથા ધર્મ કે અધ્યાત્મ સંબંધી આત્મવિકાસ માટે પ્રત્યક્ષ જણાતું કે નહિં જણાતું જ્ઞાન અંતરમાં પ્રગટ થાય છે એટલું જ નહિં પોતાના પૂર્વભવોનું જ્ઞાન પણ જે સ્મૃતિથી થાય તેને જૈન ધર્મ મતિજ્ઞાન તરીકે ઓળખાવે છે. અને તે જ્ઞાનના પેટા ભેદ ૨૮ રહેલા છે.

**(૨) ક્યાંય પણ રહેલા જ્ઞાનને, સાંભળવાથી, શબ્દોના ઉલ્લેખથી, સંજ્ઞાઓ કે સંકેતથી થતું જ્ઞાન તે: શ્રુતજ્ઞાન.**

જે જ્ઞાનના પ્રભાવથી, અંતરમાં પ્રગટ થયેલું જ્ઞાનનું કોઈપણ સાધનો દ્વારા પરસ્પર લેવડ–દેવડ કરાય છે. અથવા અન્યને વિષયબોધ, જ્ઞાનબોધ, ધર્મબોધ કે આત્મબોધ વિગેરે કરાય છે. તેને પાંચ જ્ઞાન પૈકી શ્રુતજ્ઞાનનો બીજો પ્રકાર ગણવામાં આવ્યો છે. તે જ્ઞાનના ૧૪ (ચૌદ) ભેદ રહેલાં છે.

**(૩) જીવને આત્મશક્તિથી ત્રિકાળજ્ઞાનીની જેમ, સર્વ પદાર્થોનું થતું પરિમિત કક્ષાનું જ્ઞાન તે અવધિજ્ઞાન.**

જે જ્ઞાનના પ્રભાવથી, કોઈપણ પુસ્તક પાંચ ઈન્દ્રિયો, અને મનના સાધનો (મીડીયા)ના ઉપયોગ વિના, ત્રણેય લોકના દેખાતા સર્વરૂપી સાકાર વિષયોનું જ્ઞાન થાય છે. અને તે ત્રણેય કાળનું આત્મશક્તિથી પ્રગટ થતું પરિમિત (લીમીટેડ) જ્ઞાન થાય તેને અવધિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે. તેના ૬ પેટાભેદ રહેલા છે.

**(૪) આત્મશક્તિથી સર્વના માત્ર મનના વિકલ્પો – વિચારોને જે જણાવે તે : મનઃ પર્યવજ્ઞાન.**

જે જ્ઞાનના પ્રભાવથી મનુષ્યલોક (અઢીદ્વીપ)ના સર્વ પશુ–પંખી–પ્રાણીકે મનુષ્યના મનોગતરૂપી ભાવોને નિર્મળ આત્મજ્યોતિના ઉઘાડ દ્વારા પરિમિત પણે જાણે તે મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. તે જ્ઞાનના ૨ પેટાભેદ રહેલા છે.

**(૫) ચૌદરાજલોકના સર્વ દ્રવ્યોનું ત્રણેયકાળ પૂર્વક થતું સંપૂર્ણ જ્ઞાન તે : કેવળજ્ઞાન.**

જે જ્ઞાનના પ્રભાવથી ચૌદરાજલોકના રૂપી–અરૂપી સર્વ વિષયોને પદાર્થોને ભૂત–ભાવિને વર્તમાનકાળ સહિત એક સાથે વિશુદ્ધ આત્મશક્તિથી જોવે અને જાણે તેને પાંચમું ‘કેવળજ્ઞાન’ ગણાવ્યું છે. અથવા

કેવળજ્ઞાન પ્રગટ થયા પછી એક પણ જ્ઞાન પ્રગટ કરવાનું બાકી રહેતું નથી તે કેવળજ્ઞાન માત્ર એક જ ભેદ રહેલો છે.

આ રીતે જ્ઞાન એટલે પદાર્થને જાણવું તે. જ્ઞાન આત્માનો નિજગુણ છે. સ્વ પર પ્રકાશક છે. જ્ઞાન અને આત્માની સ્વભાવદશા છે. જ્ઞાનની વિશિષ્ટતા બતાવવા ઉપા. યશોવિજયજી મ. જ્ઞાનસાર – અષ્ટકના જ્ઞાનાષ્ટકમાં કહ્યું છે કે,

આ પૂર્ણ જ્ઞાન છે અને એ જેમને પ્રાપ્ત થાય છે તેમને 'સર્વજ્ઞ' અથવા 'કેવળી' કહેવામાં આવે છે.

આ કેવળજ્ઞાનને અંગ્રેજીમાં Omniscience કહે છે, એ જ્ઞાન જેમને પ્રાપ્ત થયું હોય તેમને એ ભાષામાં Omniscient તરીકે ઓળખવામાં આવે છે. આત્માનું પૂર્ણ જ્ઞાનરૂપ જે 'સર્વ–સ્વરૂપ' છે, તે આમાં સંપૂર્ણપણે પ્રગટ થાય છે. આ ફક્ત 'આત્મજ્ઞાન' નથી, સમગ્ર બ્રહ્માંડ અને એની તમામ રચનાઓને આવરી લેતું આ પૂર્ણ પૂર્ણ પૂર્ણ જ્ઞાન છે.

આ પાંચમાના પ્રથમ બે જ્ઞાન, 'મતિ અને શ્રુત', પરોક્ષ જ્ઞાન છે કેમકે ઈન્દ્રિયો અને મનરૂપી માધ્યમની – Medium ની એમાં જરૂર પડે છે. છેલ્લા ત્રણ 'અવધિ, મન:પર્યવ અને કેવળજ્ઞાન' પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે; કેમ કે એમાં કોઈ પણ પ્રકારના માધ્યમ વિના, આત્માને પોતાને સાક્ષાત્–પ્રત્યક્ષ– એ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ જ્ઞાનના વિષયમાં તમે પ્રયત્ન પૂર્વક આગળ વધતાં રહી સંપૂર્ણજ્ઞાની, કેવળજ્ઞાની બનો – કેવળજ્ઞાન પ્રાપ્ત કરો.

## નવા નવા પદાર્થો જાણવા છે, તો....

- ☐ જીવનું અલગ અલગ પ્રકારે સ્વરૂપ જાણવું.
- ☐ જીવ–અજીવ વગેરે નવ તત્ત્વોનું જ્ઞાન મેળવવું.
- ☐ ધર્માસ્તિકાય વગેરે ષડ્દ્રવ્યનું સ્વરૂપ જાણવું.
- ☐ દેવ–ગુરુ–ધર્મની ઓળખ મેળવવી.
- ☐ સંસાર અને મોક્ષનું સ્વરૂપ જાણવું.
- ☐ ચાર ગતિ અને ૧૪ રાજલોકનું સ્વરૂપ જાણવું.
- ☐ આઠ કર્મ અને ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ જાણવું.
- ☐ સ્યાદ્વાદ, ૭ નય અને ચાર નિક્ષેપાનું સ્વરૂપ સમજવું.
- ☐ સંખ્યાતું–અસંખ્યાતું – અનંતું પલ્યોપમ – સાગરોપમ–પુદ્ગલ પરાવર્તાદિ કાળનું સ્વરુપજાણવું.

## શ્રુતજ્ઞાનની આરાધના કઈ રીતે કરશો ?

૧ રોજ ઓછામાં ઓછું ૧ સામાયિક કરીને નવું જ્ઞાન મેળવવું.

૨ રોજ સ્વયં ઓછામાં ઓછી ૧ ગાથા કાગળ ઉપર લખવી.

3 પોતાની શક્તિ મુજબ લહિયાઓ પાસે તાડપત્ર ઉપર લખવું.

૪ સ્વયં પાઠશાળા જવું અને બાળકોને પાઠશાળા મોકલવાં.

૫ જ્ઞાનભંડારો ઉભા કરવા અને કરાવવા તથા યોગ્ય જાળવણી કરવી.

૬ સાધુ–સાધ્વીજી ભગવંતોને ભણવામાં સહાય કરવી.

૭ જૂના–અપ્રાપ્ય ગ્રંથો પ્રાપ્ય થાય તેવી ગોઠવણ કરવી.

૮ જ્ઞાન–જ્ઞાની–જ્ઞાનના ઉપકરણોનો વિનય –બહુમાન જાળવવો.

૯ જ્ઞાનના ૮ આચારોનું પાલન કરવું.

૧૦ જ્ઞાનની આરાધના માટે રોજ ૫૧ લોગસ્સ, ન બને તો ૫ લોગસ્સનો કાયોત્સર્ગ કરવો.

૧૧ જ્ઞાનપંચમીની આરાધના કરવી. (કા.સુ.૫ થી માંડી દર સુ. ૫નો ઉપવાસ કરવાપૂર્વક)

૧૨ વાચના–પૃચ્છના–પરાવર્તના–અનુપ્રેક્ષા–ધર્મકથા આ ૫ પ્રકારનો સ્વાધ્યાય કરવો.

૧૩ શ્રુત–આગમની પ્રભાવના માટે તેના વરઘોડા કાઢવાં, સહકાર આપવો, આયોજન કરવું.

૧૪ જ્ઞાનની આરાધના માટે 'નમો નાણસ્સ' વગેરે જાપ ગુરુ ભગવંતના માર્ગદર્શનપૂર્વક કરવો.

૧૫ જ્ઞાનખાતામાં ઉપજ થાય તેવા કાર્યો કરવાં–કરાવવાં.

૧૬ સંઘની જ્ઞાનખાતાની રકમનો સુયોગ્ય સ્થાને ઉપયોગ કરવો–કરાવવો.

૧૭ દિવસમાં એકવાર કુટુંબને ભેગું કરી ધર્મની વાતો કરવી.

૧૮ બાળકોને ભેગા કરી મહાપુરુષોના ચરિત્રો–કર્મના સિદ્ધાંતો વગેરે સમજાવવા.

## વિવિધ દ્રષ્ટિએ જ્ઞાનનું સ્વરૂપ

(૧) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન

(૨) શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન, ભાવનાજ્ઞાન,

(3) વિષયપ્રતિભાસ જ્ઞાન, આત્મપરિણત જ્ઞાન, તત્ત્વસંવેદન જ્ઞાન

(૪) પ્રત્યક્ષજ્ઞાન, પરોક્ષજ્ઞાન

(૫) સાકાર ઉપયોગ, નિરાકાર ઉપયોગ

(૬) સમ્યક્જ્ઞાન, મિથ્યાજ્ઞાન

(૭) ભક્તપરિજ્ઞા (ગ્રહણશિક્ષા) પ્રત્યાખ્યાન પરિજ્ઞા (આસવેન શિક્ષા)

(૮) ભૂતજ્ઞાન, ભવિષ્યજ્ઞાન, વર્તમાનજ્ઞાન

(૯) પ્રત્યક્ષજ્ઞાન, અનુમિતિજ્ઞાન, ઉપમિતિજ્ઞાન, શાબ્દજ્ઞાન

(૧૦) મૂકજ્ઞાન, અમૂકજ્ઞાન

(૧૧) સવિકલ્પજ્ઞાન,નિર્વિકલ્પજ્ઞાન

(૧૨) ક્ષાયોપશમિકજ્ઞાન, ક્ષાયિકજ્ઞાન

(૧૩) બુદ્ધિના આઠ ગુણ, સુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, વિજ્ઞાન, ધારણા, ઉહ અપોહ તત્ત્વાભિનિવેશ (તત્ત્વનો આગ્રહ)

(૧૪) સાલંબનજ્ઞાન, નિરાલંબનજ્ઞાન

(૧૫) આગમથી, નોઆગમથી, તદ્વ્યતિરક્ત

(૧૬) નયજ્ઞાન, નિપેક્ષજ્ઞાન, પ્રમાણજ્ઞાન

(૧૭) અભિલાપ્યજ્ઞાન (વક્તવ્ય), અનભિલાપ્યજ્ઞાન (અવક્તવ્ય)

(૧૮) અન્વયજ્ઞાન, વ્યતિરેકજ્ઞાન
(૧૯) મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન
(૨૦) સંશયજ્ઞાન, વિપર્યયજ્ઞાન, અનધ્યવસાયજ્ઞાન
(૨૧) નૈશ્ચયિકજ્ઞાન, વ્યવહારિકજ્ઞાન
(૨૨) ઉત્સર્ગજ્ઞાન, અપવાદજ્ઞાન
(૨૩) સ્મૃતિજ્ઞાન, અનુભવજ્ઞાન
(૨૪) સૂત્રજ્ઞાન, અર્થજ્ઞાન,
(૨૫) શ્રવણ, ચિંતન,નિદિધ્યાસન
(૨૬) જ્ઞાનના નિક્ષેપા : નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ
(૨૭) સ્વાધ્યાય : વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા
(૨૮) દ્રવ્યજ્ઞાન, ભાવજ્ઞાન
(૨૯) લૌકિકજ્ઞાન, લોકોત્તરજ્ઞાન,
(૩૦) પ્રધાન જ્ઞાન, અપ્રધાનજ્ઞાન

jainuniversity.org